# CIMS Cancer Care

Volume-4 | Issue-42 | October 25, 2022 Price : ₹ 5/-

Wishing you a

HAPPY DIWALI

Marengo CIMS Hospital

CIMS
Cancer Care

Volume-4 | Issue-42 | October 25, 2022

# HPV AND CANCER






**HPV-Human papillomavirus**

HPV એ  એક પ્રકારનો વાયરસ છે, તેના 200 થી પણ વધુ પ્રકાર છે.અમુક પ્રકારના HPV જાતીય રીતે ફેલાય છે. આ પ્રકારના HPV ને બે સમૂહમાં વહેચવામાં આવે છે : Low Risk HPV અને High risk HPV.

**Low Risk HPV :**

- મોટા ભાગે કોઈ રોગ કરતા નથી
- અમુક Low Risk HPV થી જનનંગો, મળદ્વાર, મો અથવા ગળા પર (Warts) મસા થાય છે.

**High Risk HPV :**

- તેનાથી અમુક પ્રકારના કેન્સર થાય છે.
- આશરે 14 પ્રકારના High risk HPV છે જેમ કે, HPV 16,18,31,33,35,39,45,51,52,56,58,59,66,68
- મોટા ભાગના કેન્સર HPV 16 અને HPV 18 થી થાય છે.

HPVનું સંક્રમણ ઘણુ જ સામાન્ય છે. તે પુરૂષ અને સ્ત્રી બંન્ને ને થઈ શકે છે. મોટાભાગના મનુષ્યો જે જાતીય રીતે સક્રીય હોય છે તેને HPV નું સંક્રમણ થયુ હોય છે. જેમાંથી અડધા High risk HPV હોય છે, પરંતુ સારી વાત એ છે કે મોટાભાગના HPV સંક્રમણ (infection) થી કેન્સર થતુ નથી. આપણી રોગપ્રતિકારક શકિત (immune system) HPV ના સંક્રમણને નિયંત્રણમાં રાખે છે. પરંતુ કયારેક HPV નું સંક્રમણ રોગપ્રતિકારક શકિતથી નિયંત્રણમાં ના રહે તો તે વર્ષો સુધી શરીરમાં રહે છે. આવા High Risk HPV સંક્રમણ જો વર્ષો સુધી રહે તો તે શરીરના કોષોમાં બદલાવ કરે છે અને અંતે કેંસરમાં પરિણમી શકે  છે.

**HPV ને કારણે થતા કેન્સર:**

- Cervical Cancer ( ગર્ભાશયના મુખનું કેન્સર )
- Oropharyngeal Cancer( ગળાના ભાગનું કેન્સર )
- Anal Cancer ( મળદ્વારનું  કેન્સર )
- Penile Cancer( શિશ્નનું કેન્સર )
- Vaginal Cancer( યોનીનું કેન્સર )
- Vulvar  Cancer

વિશ્વમાં થતાં બધા કેન્સરમાંથી લગભગ 5% કેન્સર High risk HPV થી થાય છે જેમાં  Cervical cancer  સૌથી વધુ થાય છે.

**HPV ના ચેપનો ફેલાવ:**

HPV ના ચેપનો ફેલાવ જાતીય સમાગમથી થાય છે (Sexually Transmitted Virus). કોન્ડોમ (Condom) થી તેનો ફેલાવનું જોખમ ઓછું કરી શકાય છે (Barrier Methods).

**લક્ષણો:**

High risk HPV ના સંક્રમણથી મોટાભાગે કોઈ પ્રકારના લક્ષણો (Symptoms) જોવા મળતાં નથી. High risk HPV નાં લાંબા ગાળાના સંક્રમણથી કોષોમાં થતા બદલાવ કે જેમાંથી કેન્સર થવાનું જોખમ વધે છે તેને  Precancerous changes  અથવા  Precancerous lesion કહેવાય છે. મોટેભાગે આવા Precancerous changes / lesion ને કારણે ઘણા નહિવત લક્ષણો જોવા મળતા હોય છે. આ lesions જો કેન્સર માં ફેરવાય તો કેન્સરની ગાંઠ કે ચાંદા ને કારણે લક્ષણો જોવા મળી શકે છે. આવા લક્ષણોનો આધાર એ કયા અંગમાં થયા છે તેના પર છે.

Volume-4 | Issue-42 | October 25, 2022

# CIMS Cancer Care

**HPV Vaccination**

HPV ની રસી 11-12 વર્ષની ઉંમરે આપવાની ભલામણ છે, તે 9 વર્ષની ઉંમરથી પણ ચાલું કરી શકાય છે, તે દરેક બાળક (છોકરો અને છોકરી બંન્ને) ને આપવી જોઈએ.

સામાન્ય રીતે 15 વર્ષથી નાની વયમાં રસીના બે ડોઝ (છ મહિનાના સમયે) અને 15 થી 26 વર્ષમાં ત્રણ ડોઝ આપવામાં આવે છે.

વધુ માહિતી માટે ડોકટરનો સંપર્ક કરવો જરૂરી છે.

### રસીના પ્રકાર- ત્રણ

**1. 9 Valent HPV Vaccine ( Gardasil 9) (9vHPV)**

- નવ પ્રકારના HPV થી રક્ષણ આપે (6 , 11, 16, 18, 31, 33, 45,52,58)
- બે Low risk HPV (જેનાથી મસા (Warts) થાય છે)
- સાત High risk HPV (જેનાથી મોટભાગના HPV જન્ય કેન્સર થાય છે)

**2. Quadrivalent HPV Vaccine ( Gardasil)(4vHPV)**

- ચાર પ્રકારના Type HPV થી રક્ષણ
- HPV 6,11,16,18

**3. Bivalent HPV Vaccine ( Cervaril) (2v HPV)**

- HPV 16 & 18 થી રક્ષણ આપે છે.
- હાલમાં ભારતમાં બનેલી Quadrivalent HPV Vaccine ઉપલબ્ધ થઈ છે, જેનું નામ Cervavac છે. જે HPV 6, 11,16, 18 થી રક્ષણ પુરૂ પાડે છે.

HPV ની રસી નવા HPV સંક્રમણથી રક્ષણ આપે છે. આ રસી બીજી બધી રસીની જેમ Prevention માટે છે, સારવાર માટે નહિ HPV ની રસી જયારે 9-12 વર્ષની ઉંમરે આપવામાં આવે ત્યારે મહ્તમ રક્ષણ આપી શકે છે.

એક અંદાજ મુજબ તે 90% HPV જન્ય કેન્સર થતા અટકાવી શકે છે.


**સૌજન્ય**

**ડૉ. મૌલિક ભેંસદડિયા**


કન્સલટન્ટ રેડિયેશન ઓન્કોલોજીસ્ટ

(કેન્સરના રોગ ના નિષ્ણાંત)

## LEADERS IN TRANSPLANT



**34TH HEART** TRANSPLANT AUGUST 25, 2022



**35TH KIDNEY** TRANSPLANT



**38TH LIVER** TRANSPLANT SEPT 25, 2022



Balloon Expandable Valve



Self Expanding Supra-Annular Valve

A procedure to replace the diseased valve without surgery

**28th TAVI**

Transcatheter Aortic Valve Implantation

OCTOBER 07, 2022

**HIGHEST NUMBER IN GUJARAT**

**100% SUCCESSFUL HOSPITAL OUTCOMES**

**INDIA'S BEST HEART CARE EXPERTS**

CIMS
Cancer Care

Volume-4 | Issue-42 | October 25, 2022

# REHABILITATION OF CANCER PATIENT



Rehabilitation means restoring and maintaining highest possible level of function, independence and quality of life.

Cancer ના ઈલાજમાં Rehabilitation એક ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે.કેન્સર પેશન્ટના functional Disorder કે દુખાવા માટે Rehabilitation અત્યંત ફાયદાકારક નીવડે છે.

કેન્સરના મુખ્યતમ ઈલાજ માં આવે છે વિવિધ પ્રકારની સર્જરી, રેડીયેશન થેરાપી, કીમોથેરાપી, હોર્મોન થેરાપી, આ બધી પદ્ધતિની શરીરમાં કેન્સર પર અસર સાથે સાથે આડ અસર પણ હોય છે.

આડ અસર મુખ્યત્વે જે ભાગમાં કેન્સરનો ઈલાજ થયો હોય તે ભાગ પુરતી સિમિત રહે છે પણ ઘણીવાર એ આડ અસર શરીરના બીજા ભાગમાં પણ જોવા મળે છે.

આ આડ અસરનો સમયસર ઈલાજ કરવામાં આવે તો કેન્સર પેશન્ટના લાંબા ગાળાની તકલીફો નહીવત્ત થાય છે. Treatment ના આજ ભાગને Rehabilitation કહેવાય છે,

ગળાના કેન્સર, બ્રેઈન ટ્યુમર, બ્રેસ્ટ કેન્સર, ગર્ભાશયના મુખના કેન્સર આ કેન્સર છે જેના માટે રીહેબીલીટેશન ની જરૂર પડી શકે છે.

બ્રેસ્ટ કેન્સરથી શરૂ કરીએ તો ઓપરેશન પછી અને રેડીયેશનની ટ્રીટમેન્ટ પછી ઘણી સ્ત્રીઓમાં હાથના સોજા આવે છે. એક હાથ કરતાં બીજો હાથ જાડો લાગે છે. આવી પરિસ્થિતી ઘણી common છે. આ શરીરના Lymphatic fluid ના ત્યાં જમા થવાના લીધે થયેલો સોજો હોય છે એના દુખાવો નથી થતો.

Lymphodema સારવાર પછી 1 મહિનાથી લઈને 1 વર્ષ સુધીમાં પણ થઈ શકે છે. એનું તરત નિદાન કરી પેશન્ટને તેના વિશે detail માં જણાવવાનું રહે. એના ગ્રેડ પ્રમાણે તેની સારવાર નક્કી થાય છે.

તેના માટે સામાન્ય કસરત હોય છે, Manual Decompression Therapy હોય છે. એવા સ્પેશિયલ મોજા જેને Compression Garment કહે છે, તે પહેરવાના રહે છે. અંતિમ સ્ટેજમાં સામાન્ય સર્જરી દ્વારા પણ એનો ઈલાજ થઈ શકે છે.

ગળાના કેન્સરના ઓપરેશન પછી ઘણીવાર ગળાની ચામડી કડક થઈ જાય છે, મોં ખોલવામાં તકલીફ થાય છે, (જે મુખ્યતમ તમાકું ના લીધે પણ હોય છે) ખાવાનું ઉતારવામાં પણ તકલીફ હોય, અથવા બોલવામાં સ્પષ્ટ ઉચ્ચાર આવી ન શકે ત્યારે એની સ્પેશિયલ કસરત અને રેગ્યુલર સ્પીચ અને સ્વાલોઈંગની કસરત કરવાથી ઘણો ફરક પડતો હોય છે.

Brain tumor વાળા પેશન્ટને ઘણા ન્યુરોલોજીકલ disability થતી હોય છે. Tumor ની લોકેશન પ્રમાણે અલગ અલગ પેશન્ટમાં અલગ અલગ Disability હોય છે પણ શરૂઆતથી રેગ્યુલર ફીઝીયોથેરાપી કરવામાં આવે તો પેશન્ટમાં સારી રીકવરી જોવામાં આવે છે. આ ઉપરાંત Treatment પત્યા પછી પણ રેગ્યુલર કસરત કરવામાં આવે તો જીવન ઘણું સામાન્ય બની શકે છે.

આ સિવાય સારવાર દરમ્યાન પણ જો Yoga, meditation, positive thinking, positive Reading કરવામાં આવે તો માનસિક સ્વાસ્થ્ય સારૂ રહે છે.

મજબૂત આત્મબળ, Positive Attitude રીતે રેગ્યુલર સારવારથી આ બિમારીને મજબૂત રીતે લડત આપી શકાય છે.

**સૌજન્ય**

**ડૉ. પ્રાપ્તિ પટેલ દેસાઈ**
કન્સલટન્ટ રેડિયેશન ઓન્કોલોજીસ્ટ
(કેન્સરના રોગ ના નિષ્ણાંત)

## અંડાશયના કેન્સર વિશે માન્યતાઓ




**માન્યતા ૧: અંડાશયના કેન્સર માટે કોઈ જોખમી પરિબળો નથી.**

ડો. મોના શાહ કહે છે કે, અંડાશયના કેન્સર માટે કૌટુંબિક ઇતિહાસ સૌથી મોટું જોખમી પરિબળ છે. જો કે, માત્ર 10 થી 15 ટકા લોકોમાં જ અંડાશયના કેન્સર વખતે કૌટુંબિક ઇતિહાસનું કારણ હોય છે. અન્ય કેટલાક કેન્સરના જોખમને ઘટાડવા માટે આહાર અને કસરત દ્વારા સ્વસ્થ વજન જાળવી રાખવું મહત્વપૂર્ણ છે.

**માન્યતા ૨: ગાંઠ (સિસ્ટ) એ હંમેશા એક ચિંતાજનક સમસ્યા છે.**

આવું માનવું એ ખોટું છે. મોટાભાગના અંડાશયમાં થતા ગાંઠ (પરુસભર કોથળી) કેન્સરગ્રસ્ત નથી. ડો. મોના શાહ કહે છે, “ક્યારેક યુવતીઓમાં સોનોગ્રામ અંડાશય પર કૈંક અસાધારણતા દર્શાવે છે, પરંતુ આ એક સામાન્ય પ્રક્રિયા છે. દર મહિને તમારા અંડાશય પર એક ફોલ્લો બને છે જે ફાટી જાય છે અને ફેલોપિયન ટ્યુબમાં એક ઇંડુ છોડે છે,” મેનોપોઝ પછી, આ પ્રક્રિયા બંધ થઈ જાય છે. 60 વર્ષની સ્ત્રીના અંડાશય પર ગાંઠ, 30 વર્ષની સ્ત્રીમાં થતા ફોલ્લા કરતા વધુ ચિંતાજનક છે. "કોઈ પણ કારણ હોય, અંડાશયમાં ગાંઠ નું નિરીક્ષણ કરવું જોઈએ, અને જો તમે ચિંતિત હોવ તો તમારે બીજો અભિપ્રાય લેવો જોઈએ.

**માન્યતા ૩: અંડાશયના કેન્સરમાં ચોક્કસ લક્ષણો હોય છે.**

પ્રારંભિક તબક્કાના અંડાશયના કેન્સરની કોઈ ખાસ નિશાની અથવા લક્ષણ હોતા નથી. આ રોગ ફેલોપિયન ટ્યુબ કે અંડાશયને મોટું કરવા માટે કારણભૂત હોય છે, ડો. મોના શાહના જણાવ્યા મુજબ, કોઈ પણ સ્ત્રીને ત્યાં સુધી અનુભવાશે નહીં જ્યાં સુધી તેને ત્યાં દુખાવો ન થાય અથવા પેટમાં કેન્સરયુક્ત પાણી ન ફેલાય અને તેનું સર્જન ન થાય. અંડાશયના કેન્સર અસ્પષ્ટ પેટ, હોજરીના લક્ષણોનું કારણ બની શકે છે, જેમ કે વારંવાર ઝાડા થવા કે કબજિયાત અથવા પેટ પેટ ફૂલવું, ગેસ થવો, ભૂખ ના લાગવી. "તે ખૂબ જ બિન-વિશિષ્ટ છે, "તેમણે કહ્યું. "જો આવા લક્ષણો ૧ મહિનાથી વધુ સમય સુધી ચાલુ રહે છે; તો તમારે ડોક્ટરની સલાહ લેવી જોઈએ".

**માન્યતા ૪: પેપ સ્મીયર દ્વારા અંડાશયના કેન્સરની તપાસ થાય છે.**

પેપ સ્મીયર એ અંડાશયના કેન્સર માટેનું પરીક્ષણ નથી. ડો. મોના શાહ કહે છે, “પેપ સ્મીયર માત્ર સર્વાઇકલ કેન્સરને શોધી કાઢે છે, તમામ સ્ત્રીરોગના કેન્સરને નહીં. "હકીકતમાં, એવો કોઈ ટેસ્ટ નથી કે જે તેના પ્રારંભિક તબક્કામાં અંડાશયના કેન્સરને શોધી કાઢે." 50 થી 70% નિદાન પછીના તબક્કે ત્રીજા સ્ટેજે થાય છે, જ્યારે રોગ નજીકની પેશીઓ અને અવયવોમાં પણ ફેલાઈ જાય છે.

**માન્યતા ૫: એડવાન્સ્ડ (ખુબ વધી ગયેલા) અંડાશયના કેન્સરની સારવાર કરી શકાતી નથી.**

ડો. મોના શાહ કહે છે કે એડવાન્સ્ડ (ખુબ વધી ગયેલા) અંડાશયના કેન્સર ધરાવતી ઘણી સ્ત્રીઓ જેમની શ્રેષ્ઠ સર્જરી અને કીમોથેરાપીથી સારવાર કરવામાં આવી છે તો તેઓ પાંચ વર્ષથી વધુ જીવી શકે છે. "આ અમારી અદ્ભુત ટીમને કારણે શક્ય બને છે જેમાં અમારા ગાયનેક કેન્સર સર્જન, મેડિકલ ઓન્કોલોજિસ્ટ, પેથોલોજીસ્ટ, રેડિયેશન ઓન્કોલોજિસ્ટ વગેરેનો સમાવેશ થાય છે ," તેમણે ઉમેર્યું . "અમે દર્દીની સંભાળના દરેક પાસાઓને સુધારી રહ્યા છીએ: જેમકે અમે કેવી રીતે રોગનું નિદાન કરીએ છીએ, અમે કેવી રીતે સર્જરી કરીએ છીએ, (સાયટો રીડક્ટીવ સર્જરી તથા પેટમાં કીમોથેરાપી)

CIMS
Cancer Care

Volume-4 | Issue-42 | October 25, 2022

CRS HIPEC જેવા અદ્યતન સર્જરી વિકલ્પો, અમે કેવી રીતે કીમોથેરાપી આપીએ છીએ અને ટારગેટેડ કીમોથેરાપી આપીએ છીએ અને ટારગેટેડ કીમોથેરાપી જેવી ઉપચારો અને વધુનો સમાવેશ થાય છે.

**માન્યતા ૬: અંડાશયના કેન્સર માટે CRS HIPEC સારવાર શું છે.**

CRS HIPEC એ સર્જરી  છે જેમાં પેટની પોલાણ (પેરીટોનિયમ) ની પરત સુધી ફેલાતા કેન્સરની સારવાર માટે સર્જરી દરમ્યાનપેટમાં કીમોથેરાપીના હાઈ ડોઝ સ્પેશ્યલ મશીન મારફતે આપવાનો સમાવેશ થાય છે, જેની  પરંપરાગત કીમોથેરાપી દ્વારા સારવાર કરવી મુશ્કેલ હોઈ શકે છે.

તમારા સર્જન પેટમાંથી બધી દેખાતી ગાંઠો અને રોગગ્રસ્ત પેશીઓને દૂર કરે તે પછી, તે કીમોથેરાપી દવાઓ ધરાવતું કેથેટર દાખલ કરશે, જે પરફ્યુઝન મશીન દ્વારા તમારા પેટની પોલાણમાં પમ્પ કરવામાં આવે છે, જે કીમોથેરાપી દવાઓને ગરમ કરે છે અને તમારા પેટમાંથી વહે છે.

આ આધુનિક સારવારથી કેન્સરને સંપૂર્ણ નાબુદ કરી શકાય છે.

**સૌજન્ય**

**ડૉ. મોના નમન શાહ**
કન્સલટન્ટ ગાયનેક ઓન્કોસર્જન
લેપ્રોસ્કોપીક કેન્સર સર્જન, **CRS, HIPEC**

## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ

### મેડિકલ ટીમમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ

#### ડિપાર્ટમેન્ટ ઓફ રેડિયોલોજી



**ડૉ. સુનાલી દેસાઈ**
MBBS, DMRE, MD (Radio-diagnosic),
DNB (Radio-diagnosis), DM (Neuroradiology), FRCR
કન્સલટન્ટ ન્યૂરોરેડિયોલોજીસ્ટ
**M: +91-98790 79309**
dr.sunali.desai@marengoasia.com

#### નેફ્રોલોજી અને કિડની ટ્રાન્સપ્લાન્ટેશન



**ડૉ. પંકજ આર. શાહ**
MD (Gen Medicine), DNB (Nephrology)
FISOT (Transplantation)
કન્સલટન્ટ નેફ્રોલોજીસ્ટ
**M: +91-99988 10145**
dr.pankaj.shah@marengoasia.com

#### ઈન્સ્ટીટ્યૂટ ઓફ કેન્સર કેર



**ડૉ. શિરીષ એસ. અલુરકર**
MD
કન્સલટન્ટ મેડીકલ ઓન્કોલોજીસ્ટ
**M: +91-98240 48666**
dr.shirish.alurkar@marengoasia.com



**ડૉ. નિતીન સિંઘલ**
MBBS, MS (Gen. Surgery),
M.Ch (Surgical Oncology)
કન્સલટન્ટ ઓન્કોસર્જન
**M: +91-75061 14222**
dr.nitin.singhal@marengoasia.com



**ડૉ. રાજદીપ ગુપ્તા**
MBBS, MD (Medicine),
DrNB (DNB) (Medical Oncology)
કન્સલટન્ટ મેડીકલ ઓન્કોલોજીસ્ટ
**M: +91-99249 80441**
dr.rajdeep.gupta@marengoasia.com



**ડૉ. જીગ્નેશ રાજવંશી**
MBBS, MD (General Medicine),
DrNB (DNB) (Medical Oncology)
કન્સલટન્ટ મેડીકલ ઓન્કોલોજીસ્ટ
**M: +91-97277 01904**
dr.jignesh.rajvanshi@marengoasia.com

#### ડિપાર્ટમેન્ટ ઓફ યુરોલોજી



**ડૉ. કંદર્પ પરીખ**
MBBS, MS, MCh, DNB (Genito Urinary Surgery)
Endourologist-Robotic Surgeon
ડિરેક્ટર - ડિપાર્ટમેન્ટ ઓફ યુરોલોજી
**M: +91-98240 47767**
dr.kandarp.parikh@marengoasia.com

For emergency or appointment,
**1800 309 9999**

# મૈરિંગો સિમ્સ મલ્ટિ-સ્પેશ્યાલીટી ઓપીડી (ગુજરાત)

## સુરત

**દર મહિનાના પહેલા શનિવારે**

**ડૉ. ધવલ નાયક**
કાર્ડિયોથોરાસીસ વાસ્ક્યુલર અને
હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન
**+91 90 99 11 11 33**

**ડૉ. વિકાસ પટેલ**
લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન

**સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન: 0261-2461093**

## રાજકોટ

**દર મહિનાના બીજા શનિવારે**

**ડૉ. ધીરેન શાહ**
કાર્ડિયોથોરાસીસ વાસ્ક્યુલર અને
હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન

**ડૉ. દર્શન ભણસાલી**
કેન્સર સર્જરીના નિષ્ણાંત

**ડૉ. વિકાસ પટેલ**
લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન

**ડૉ. રેચલ શાહ**
નેફ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશીયન

**શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન: 0281 - 7151200**

## લીંબડી અને સુરેન્દ્રનગર (દર મહિનાના પહેલા રવિવારે)

**ડૉ. વાય સી શાહ**
ન્યૂરો અને સ્પાઈન સર્જન (ટ્રોમા, સ્પાઈન, ગાદીમાં પ્રોબ્લેમ અને બ્રેન ટ્યુમર વિશેષજ્ઞ)

**વિશાલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ**
લીંબડી-અંકેવાળીયા રોડ, લીંબડી
**બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ સુધી**

**સીયુ શાહ મેડીકલ કોલેજ**
દુધરેજ રોડ, લક્ષ્મીનારાયણ સોસાયટી, સુરેન્દ્રનગર
**બપોરે ૩.૦૦ થી ૪.૦૦ સુધી**

**મહર્ષિ હોસ્પિટલ**
રામ નગર, આમ્બેડકરનગર, વાઘવાન, સુરેન્દ્રનગર
**બપોરે ૧.૩૦ થી ૨.૩૦ સુધી**

**સી જે હોસ્પિટલ,**
મહાલક્ષ્મી સિનેમા રોડ, સુરેન્દ્રનગર
**બપોરે ૪.૦૦ થી ૫.૦૦ સુધી**

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 63589 83030 | 70690 20591**

## પાલનપુર

**દર મહિનાના પહેલા બુધવારે**

**ડૉ. મયુર પાટીલ**
નેફ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશીયન

**ડૉ. વિકાસ પટેલ**
લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન

**ડૉ. કેવલ ચાંગડીયા**
ન્યૂરોલોજીસ્ટ (મગજના રોગોના નિષ્ણાંત)

**ડૉ. નીતિન સિંઘલ**
ઓન્કોસર્જન (કેન્સર રોગોના નિષ્ણાંત)

**દર મહિનાના ત્રીજા બુધવારે**

**ડૉ. કિશોર ગુપ્તા**
કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીસ સર્જન

**ડૉ. મોના શાહ**
કન્સલટન્ટ ગાયનેક ઓન્કોસર્જન
લેપ્રોસ્કોપીક કેન્સર સર્જન, CRS, HIPEC

**ડૉ. નકુલ પાહવા**
કન્સલટન્ટ ન્યૂરો અને સ્પાઈન સર્જન
(મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત)

**ડીસા :**
**આર્શિવાદ ઓર્થોપેડીક હોસ્પિટલ - હાઈવે રોડ**
સવારે 09.30 થી સવારે 10.30

**ઊંઝા :**
**માં ઉમિયા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ**
બપોર 03.30 થી બપોર 04.30

**પાલનપુર :**
**મેડીપોલીશ "જી" બ્લોક - ડીસા હાઈ-વે રોડ**
સવારે 11.00 થી બપોર 12.00

**મહેસાણા :**
**લાયન્સ જનરલ હોસ્પિટલ - જેલ રોડ**
સાંજે 05.00 થી સાંજે 06.00

**અપોઈન્ટમેન્ટ માટે ફોન : 63589 83028 | 9978608686 | 70690 33596**

## ભૂજ અને ગાંધીધામ

**દર મહિનાના બીજા શનિવારે**

**ડૉ. મલ્હાર પટેલ**
રેડિયેશન ઓન્કોલોજીસ્ટ (કેન્સર નિષ્ણાંત)

**ડૉ. ટી.કે.બી. ગણપથી**
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત

**ડૉ. નીતિન સિંઘલ**
ઓન્કોસર્જન (કેન્સર રોગોના નિષ્ણાંત)

**ડૉ. વત્સલ કોઠારી**
માઈક્રો વાસ્ક્યુલર ઓન્કો રીકન્ટ્રકટીવ પ્લાસ્ટીક સર્જન

**દર મહિનાના ચોથા શનિવારે**

**ડૉ. અમિત ચંદન**
કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીસ સર્જન

**ડૉ. મલ્હાર પટેલ**
રેડિયેશન ઓન્કોલોજીસ્ટ

**ડૉ. વિકાસ પટેલ**
એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન

**ડૉ. મહાવીર તડૈયા**
કેન્સર સર્જન નિષ્ણાંત

**ડૉ. વત્સલ કોઠારી**
માઈક્રો વાસ્ક્યુલર ઓન્કો
રીકન્ટ્રકટીવ પ્લાસ્ટીક સર્જન

**ડૉ. ઉદય પટેલ**
ઈન્ટરવેન્શનલ રેડિયોલોજીસ્ટ

**ઓપીડી : કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ - ભૂજ અપોઈન્ટમેન્ટ માટે : 91043 12022**

**ડૉ. અમિત ચંદન**
કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીસ સર્જન

**ડૉ. મહાવીર તડૈયા**
કેન્સર સર્જન નિષ્ણાંત

**ડૉ. વિકાસ પટેલ**
એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન

**ઓપીડી : ગુરુકુલ હોસ્પિટલ - ગાંધીધામ અપોઈન્ટમેન્ટ માટે : 73839 40900**

**CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574**

**Published on 25th of every month**

**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under**

**Postal Registration No. AHD-C/100/2019-2022 issued by SSP Ahmedabad valid upto 31st December, 2022**

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : 1800 309 9999

**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription




Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Hi-Scan Private Limited, 304, G.I.D.C. Estate, Sarkhej-Bavla Highway, Village - Changodar (Taluka – Sanand, Dist - Ahmedabad) and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**